# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

****************************************************

- **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના વિકાસમાં મધ્યમ વર્ગની ભૂમિકાની પ્રશંસા કરી**
- **એસોચેમે રિઝર્વ બેંક તેના બેન્ચમાર્ક રેપો રેટમાં લગભગ 50 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરી શકે તેવી સંભાવના દર્શાવી**
- **પાકિસ્તાનના સિંધ પ્રાંતના હિન્દુ શ્રદ્ધાળુઓના એક જૂથે ગઈકાલે પ્રયાગરાજમા ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી**
- **દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે આવતીકાલે મતગણતરી યોજાશે – મતગણતરીની તમામ તૈયારીઓ પૂર્ણ કરાઇ**
- **નાગપુરમાં રમાયેલી પ્રથમ એક દિવસીય મેચમાં ભારતે ઇંગ્લેન્ડ સામે ચાર વિકેટથી વિજય મેળવ્યો**

.......................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MOTION OF THANKS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના વિકાસમાં મધ્યમ વર્ગની ભૂમિકાની પ્રશંસા કરી છે અને કહ્યું છે કે તેમની આકાંક્ષાઓ રાષ્ટ્રની પ્રગતિને વેગ આપી રહી છે. ગઈકાલે રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપતા, પ્રધાનમંત્રીએ મધ્યમ વર્ગને આર્થિક રીતે સધ્ધર કરી તેમને સશક્ત બનાવવાના સરકારના નિર્ણય પર પ્રકાશ પાડ્યો.

શ્રી મોદીએ કહ્યું કે, દેશમાં એક નવ-મધ્યમ વર્ગ ઉભરી આવ્યો છે અને તેમની સરકાર આ નવ-મધ્યમ વર્ગ સાથે મજબૂત પ્રતિબદ્ધતાઓ સાથે ઉભી છે. તેમણે કહ્યું કે, 25 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર લાવવામાં આવ્યા છે જે તેમના માટે ગર્વની વાત છે. ભાજપની આગેવાની હેઠળની NDA સરકારનું વિકાસ મોડેલ 'રાષ્ટ્ર પ્રથમ' છે. તેમણે કહ્યું કે, લોકોએ આ મોડેલનું પરીક્ષણ કર્યું છે, સમજ્યું છે અને સમર્થન આપ્યું છે અને તેથી તેમની સરકારને ત્રીજી વખત જનાદેશ
આપ્યો છે.

પ્રધાનમંત્રીએ એ વાત પર ભાર મૂક્યો કે તેમની સરકારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમુદાયના હિતોના રક્ષણ માટે કાયદાઓને મજબૂત બનાવ્યા છે. શ્રી મોદીએ દિવ્યાંગજનોના કલ્યાણ માટે સરકારના પ્રયાસો વિશે પણ વાત કરી. પ્રધાનમંત્રીએ કોંગ્રેસ પર આકરા આક્ષેપ પણ કર્યા હતા.

પ્રધાનમંત્રીએ પોતાના સમાપન ભાષણમાં કહ્યું કે, રાષ્ટ્રપતિના ભાષણમાં દેશની સિદ્ધિઓ, ભારત પાસેથી વિશ્વની અપેક્ષાઓ, દેશના સામાન્ય માણસના આત્મવિશ્વાસ અને વિકાસ ભારતના સંકલ્પ વિશે વિગતવાર વર્ણન હતું.

# VICE PRESIDENT-KARNATAKA

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે કર્ણાટકના રાણેબેન્નુરની મુલાકાત લેશે. તેમની એક દિવસીય મુલાકાત દરમિયાન શ્રી ધનખડ રાણેબેન્નુર ખાતે કર્ણાટક વૈભવ સાહિત્યિક અને સાંસ્કૃતિક મહોત્સવના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

# RBI MPC MEETING

રિઝર્વ બેંક આજે તેની નાણાકીય નીતિ સમિતિની બેઠકમાં લેવાયેલા નિર્ણયની જાહેરાત કરશે. લગભગ પાંચ વર્ષ બાદ વ્યાજ દરમાં 25 બેસિસ પોઈન્ટનો ઘટાડો થવાની આશા છે. ભારતીય રિઝર્વ બેંકના નવા ગવર્નર સંજય મલ્હોત્રાએ તેની નાણાકીય નીતિ સમિતિની ત્રણ દિવસીય બેઠકની અધ્યક્ષતા કરી. તેઓ આજે આ સમિતિના નિર્ણયની જાહેરાત કરશે.

કોવિડ રોગચાળા અને ત્યારબાદ લાગુ થયેલા લોકડાઉનથી પ્રભાવિત અર્થતંત્રને પુનર્જીવિત કરવા માટે રિઝર્વ બેંકે છેલ્લે મે 2020 માં રેપો રેટમાં 40 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને 4 ટકા કર્યો હતો. પરંતુ, મે 2022 માં, રશિયા-યુક્રેન યુદ્ધને ધ્યાનમાં રાખીને RBI એ રેપો રેટમાં વધારો કરવાનું શરૂ કર્યું હતું

# RBI-REPO RATE

અગ્રણી ઉદ્યોગ સંસ્થા એસોચેમે કહ્યું છે કે, આર્થિક વિકાસને ટેકો આપવા માટે રિઝર્વ બેંક તેના બેન્ચમાર્ક રેપો રેટમાં લગભગ 50 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરી શકે છે.

કોવિડ રોગચાળા પછી ઉદ્ભવેલા આર્થિક સંકટનો સામનો કરવા માટે, રિઝર્વ બેંકે મે 2020 માં રેપો રેટમાં 40 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને 4 ટકા કર્યો હતો. એસોચેમ માને છે કે ભારતીય અર્થતંત્રમાં માંગ અને રોકાણને વધારવાની તાત્કાલિક જરૂર છે. આ દર ઘટાડાથી બેંકિંગ સિસ્ટમમાં વ્યવસાયને વેગ મળશે અને વપરાશ અને નાણાકીય વ્યવસ્થામાં સુધારો થશે.

## KUMBH PAK PILGRIMS

પાકિસ્તાનના સિંધ પ્રાંતના 68 હિન્દુ શ્રદ્ધાળુઓનું એક જૂથ ગઈકાલે પ્રયાગરાજ પહોંચ્યું અને ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી. ઉત્તરપ્રદેશ માહિતી વિભાગે જણાવ્યું હતું કે ભક્તોએ ગંગા, યમુના અને સરસ્વતીના પવિત્ર સંગમ પર ધાર્મિક વિધિઓ કરી અને પ્રાર્થના કરી. સમૂહ સાથે આવેલા મહંત રામનાથે જણાવ્યું હતું કે આ ભક્તો પહેલા હરિદ્વાર ગયા હતા અને મહાકુંભ આવે તે પહેલાં તેમના પૂર્વજોની અસ્થિઓનું વિસર્જન કર્યું હતું.

મીડિયા સાથે વાત કરતી વખતે, શ્રદ્ધાળુઓએ આ મહાકુંભમાં ભાગ લેવા માટે ઝડપથી વિઝા આપવા બદલ ભારત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો અને આશા વ્યક્ત કરી કે ભારત સરકાર પાકિસ્તાનના યાત્રાળુઓને વિઝા આપવાનું ચાલુ રાખશે.

## MORN.MAHAKUMBH - NEW LAWS

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં દેશના ત્રણ નવા ફોજદારી કાયદાઓ વિશે લોકોને જાગૃત કરવા માટે એક ડિજિટલ પ્રદર્શનનું આયોજન

કરવામાં આવ્યું છે. આ કાયદાઓ ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સક્ષમ અધિનિયમ છે.

ગયા વર્ષે પહેલી જુલાઈના રોજ દેશભરમાં નવા કાયદાઓ લાગુ કરવામાં આવ્યા હતા જે ભારતની ન્યાયિક પ્રણાલીમાં ઐતિહાસિક પરિવર્તનનું પ્રતિનિધિત્વ કરે છે.

સાયબર ક્રાઇમ અને સંગઠિત ગુના જેવા સમકાલીન પડકારોનો સામનો કરવા માટે એક નવું માળખું રજૂ કરવામાં આવ્યું છે, સાથે સાથે પીડિતોને ન્યાય સુનિશ્ચિત કરવામાં આવે છે. અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે નવા કાયદાઓએ ભારતીય દંડ સંહિતા, ફોજદારી કાર્યવાહી સંહિતા અને ભારતીય પુરાવા અધિનિયમનું સ્થાન લીધું છે. એક અહેવાલ સાંભળીએ

## બાઇટ – દીપેન્દ્ર કુમાર – મહાકુંભ

# CM - MAHAKUMBH SNAN

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં પવિત્ર સ્નાન કરશે.

શ્રી પટેલ આજે બપોરે સાડા બાર વાગે ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કરશે. આ પૂર્વે તેઓ સાડા નવ વાગે પ્રયાગરાજમાં બડે હનુમાનજી મંદિરના દર્શન-પૂજન કરશે.

**તેઓ ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા પ્રયાગરાજમાં ઉભા કરવામાં આવેલા ગુજરાત પેવેલિયનની મુલાકાત લેશે અને સાંજે ગાંધીનગર પરત ફરશે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# DELHI ELECTION COUNTING

**દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે આવતીકાલે યોજાનારી મતગણતરી માટે તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારી આર એલિસ વાઝે ગઈકાલે જણાવ્યું હતું કે 70 વિધાનસભા મતવિસ્તારોના ફોર્મ 17C સહિત ચૂંટણી દસ્તાવેજોની ચકાસણી પૂર્ણ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે તપાસ દરમિયાન ચૂંટણી પંચના કેન્દ્રીય નિરીક્ષક, ઉમેદવારો અને તેમના એજન્ટો તેમજ ચૂંટણી અધિકારીઓ હાજર હતા. તેમણે કહ્યું કે ચકાસણી પ્રક્રિયા દરમિયાન કોઈ ઉમેદવારે કોઈ ફરિયાદ કરી નથી. ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનો-ઇવીએમને કમિશન અને પોલીસ અધિકારીઓની કડક દેખરેખ હેઠળ સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં**

આવ્યા છે. મત ગણતરી માટે દિલ્હીના ૧૧ જિલ્લાઓમાં ૧૯ કેન્દ્રો બનાવવામાં આવ્યા છે.

શ્રીમતી વાઝે જણાવ્યું હતું કે ગણતરીના કાર્ય માટે ગણતરી સુપરવાઇઝર, ગણતરી સહાયકો, સૂક્ષ્મ નિરીક્ષકો, ડેટા કર્મચારીઓ અને અન્ય સ્ટાફ સહિત લગભગ 12 હજાર કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે અને તેમને ગણતરી પ્રક્રિયા માટે તાલીમ આપવામાં આવી છે.

# CRICKET IND-ENG

ક્રિકેટમાં નાગપુરમાં રમાયેલી પ્રથમ એક દિવસીય મેચમાં ભારતે ઇંગ્લેન્ડ સામે ચાર વિકેટથી વિજય મેળવ્યો છે. આ જીત સાથે ભારત શ્રેણીમાં 1-0 થી આગળ છે.

શ્રેણીની બીજી મેચ રવિવારે કટકમાં રમાશે, જ્યારે ત્રીજી અને અંતિમ મેચ આ મહિનાની 12મી તારીખે અમદાવાદમાં રમાશે.

<u>હવે આજના અખબારોમાં પ્રસિધ્ધ થયેલા મુખ્ય સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે</u>

- આજના તમામ અખબારોમાં અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ભારતીય નાગરિકોનો સમાચાર હેડલાઇન્સ છે. આ ઉપરાંત પાકિસ્તાન આર્મી ચીફના બફાટના સમાચાર પણ દરેક અખબારોમાં પહેલા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.
- દિવ્ય ભાસ્કરનું મથાળુ છે કે કમાવા ગયા હતા, આતંકીની જેમ પાછા માકલ્યા
- ગુજરાત સમાચારે હેડલાઇનમાં છાપ્યુ છે કે અમેરિકાએ ભારતીયોને અમાનવીય રીતે પરત મોકલતા લોકોમાં આક્રોશ

- ફૂલછાબ દૈનિકે સસંદમાં વિદેશ મંત્રી જયશંકરે આપેલા જવાબને ભારતીયોનું પુનરાગમન નવી વાત નથી પ્રક્રિયા કાયદેસરના મથાળા સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે.
- જ્યારે સંદેશ દૈનિકે પાકિસ્તાન આર્મી ચીફનો બકવાસ કાશ્મીર માટે 10 યુધ્ધ લડવા તૈયારના હેડિંગ સાથે સમાચાર પ્રસિધ્ધ કર્યા છે.
- આ ઉપરાંત દરેક અખબારોના પહેલા પેજ પર અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના નિર્ણયોથી અનેક દેશોમાં વિરોધનો વંટાળો તેમજ સંસદમાં હોબાળો અને સંસદ બહાર વિપક્ષોનો હાથકડી પહેરીને વિરોધ જેવા સમાચા પણ પહેલા પેજ પર જોવા મળી રહ્યાં છે.
- આ ઉપરાંત રાજ્ય અને સ્થાનિક સમાચારોમાં અમદાવાદ એરપોર્ટ ઉપર અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા લોકોના સમાચાર તસવીર સાથે તમામ અખબારોએ કવર કર્યા છે.
- સુરતમાં એક બાળક ગટરમાં પડી જતા તેના મોતના સમાચાર પણ જોવા મળી રહ્યાં છે.
- જ્યારે સ્પોર્ટસ પેજ ઉપર ઇગ્લેંડ સામે નાગપુરમાં રમાયેલી પહેલી વન ડેમાં વિજયના સમાચાર તસવીર સાથે તમામ અખબારોએ છાપ્યાં છે.